Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

**Continuous Issue-35| February – March 2019**

# વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસમાં શાળા ગ્રંથાલયની ભૂમિકા

**સાર**

પ્રસ્તુત લેખમાં વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસમાં શાળા ગ્રંથાલય કેટલું આવકાર્ય બની રહે છે તેની વિગતવાર માહિતી આપવામાં આવી છે. ગ્રંથાલયના વપરાશકર્તાઓની વયજૂથ અનુસાર ગ્રંથાલયના પ્રકાર પણ જુદા જુદા હોય છે તે જોતાં પ્રસ્તુત લેખમાં, શાળા ગ્રંથાલય એ વિદ્યાથીઓને આપવામાં આવતા પાયાગત શિક્ષણ સાથે સીધો સબંધ ધરાવે છે તેની માહિતી આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ ગ્રંથાલય પ્રત્યે આકર્ષાય તે માટે શાળા સંચાલકે, શિક્ષકોએ અને ગ્રંથાલય કર્મચારીઓએ કેવા પ્રયત્નો કરવા જોઈએ તેની સમજ આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ શાળા ગ્રંથાલયનો મહતમ ઉપયોગ કરે તે માટે શાળા ગ્રંથાલયના હેતુઓ, શાળા ગ્રંથાલય માટે સંગઠનની જોગવાઈ, ગ્રંથાલયની સંગ્રહવ્યવસ્થા, વાંચનસામગ્રીની ગોઠવણી માટે યોગ્ય વર્ગીકરણ પદ્ધતિ, માહિત પુન:પ્રાપ્તિ વગેરેની ચોક્કસ રૂપરેખા હોવી જોઈએ તેની ચર્ચા કરવામાં આવી છે. શાળા ગ્રંથાલયનો નિયમિત ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસમાં થતાં ફાયદાઓને દર્શાવવામાં આવ્યાં છે.

## ૧.પ્રસ્તાવના

શાળાને ગ્રંથાલયની જરૂર છે કારણ કે ગ્રંથાલયો શાળાના શિક્ષણ અને શિક્ષણના કાર્યને ટેકો આપે છે. પ્રારંભિક તબક્કે એટલે કે વિદ્યાર્થી શાળામાં પ્રવેશ મેળવે ત્યારથીજ તે શાળા ગ્રંથાલયનો ઉપયોગ કરતો થાય તે આવશ્યક છે. કારણ કે બાળકો જ્યારે નાના હોય ત્યારથી જ જો તેમને ગ્રંથાલયનો ઉપયોગ કરવાની ટેવ પાડવામાં આવે તો શક્ય છે કે તેઓ ભવિષ્યમાં સારી વાંચવાની ટેવોને પ્રોત્સાહિત કરી શકે. શિક્ષકો પણ ગ્રંથાલયના પુસ્તકો અને અન્ય વાંચનસામગ્રીનો ઉપયોગ કરે તો વિદ્યાર્થીઓ પર સારું પ્રભુત્વ રજૂ કરી શકે છે.

શાળા ગ્રંથાલયો એ બાળકોના વ્યક્તિગત વિકાસ ઉપરાંત તેના સાંસ્કૃતિક અને સામાજિક જીવનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે બાળકોમાં વાંચન, સાંસ્કૃતિક અભિવ્યક્તિ, જ્ઞાન નિર્માણ, ઊંડી વિચારસરણી, માહિતી મેળવવાની રીત અને જીવંતચર્યા સાથે સંલગ્નતા સાધવા માટેનું કેન્દ્રબિંદુ બની રહે છે. શાળા ગ્રંથાલયો બાળકોમાં નવું શીખવાની અને નવું વિચારવાની તક પૂરી પાડે છે. આ ઉપરાંત બાળકોમાં સ્વૈચ્છિક વાંચન માટેની તલબ ઊભી કરે છે. જે બહુવિધ નિરક્ષરતાને દૂર કરવા અને આનંદદાયક વાંચવાની ટેવને વિકસાવવા મહત્વની ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીઓના આ વિકાસ પાછળ શાળા ગ્રંથાલયના કર્મચારીઓ, શિક્ષકો, પ્રિન્સિપાલ અને બીજા ઘણા પરિબળો અસર કરે છે. ગ્રંથાલય કર્મચારી ગ્રંથાલયના સંગ્રહ અને સેવાઓનો વિકાસ કરે છે અને એવું સ્થાન બનાવે છે કે જ્યાં શાળા સમુદાયના વિવિધ વાચકો અને શીખનારાઓને પ્રતિબિંબિત કરી શકાય.

## ૨.ગ્રંથાલય

ગ્રંથાલય એ ઓરડો અથવા મકાન છે અને આ મકાનમાં ભૌતિક સંપત્તિનો સમાવેશ થાય છે જેમાં વિવિધ માહિતીઓ - પુસ્તકો, અખબારો, ફિલ્મો, ફોટોગ્રાફ્સ, નકશાઓ વગેરે પ્રિન્ટ, ઑડિઓ અને વિઝ્યુઅલ જેવા જુદા જુદા સ્વરૂપે સંગ્રહિત હોય છે. ઉપયોગકર્તાઓ તેમની જરૂરિયાત પ્રમાણે આ માહિતીનો ઉપયોગ કરે છે. ગ્રંથાલયના પ્રકારની દ્રષ્ટિએ જોઈએ તો જાહેર ગ્રંથાલયો, શૈક્ષણિક ગ્રંથાલયો અને વિશિષ્ટ ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. આ ગ્રંથાલયોના ઉપયોગકર્તાઓ પણ જુદા જુદા હોય છે. જેમ કે જાહેર ગ્રંથાલયમાં દરેક વયજૂથ ના લોકો પ્રવેશને માન્ય હોય છે. જેમાં બાળકો માટે વાંચનસામગ્રીનો વિભાગ પણ અલગ હોય છે. જે બાળગ્રંથાલય તરીકે ઓળખાય છે. બાળકો શાળા ગ્રંથાલય ઉપરાંત જાહેગ્રંથાલયનો ઉપયોગ પણ કરી શકે છે. શૈક્ષણિક ગ્રંથાલયો કે જેમાં શાળા ગ્રંથાલયો, કોલેજ ગ્રંથાલયો અને યુનિવર્સિટી ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. આ ગ્રંથાલયોનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરી શકે છે. વિશિષ્ટ ગ્રંથાલયોનો ઉપયોગ વૈજ્ઞાનિકો, સંશોધકો વગેરે કરે છે.

**૩.શાળા ગ્રંથાલય અને શિક્ષણ**

શાળા ગ્રંથાલય એ શિક્ષણ સાથે સીધી રીતે સંકળાયેલું છે. બીજા શબ્દોમાં કહીએ તો શાળા ગ્રંથાલય એ સમગ્ર શૈક્ષણિક પદ્ધતિનું હૃદય છે. ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ લાઇબ્રેરી એસોસિએશન્સ એન્ડ ઈંન્સ્ટિટ્યુશન (આઈ.એફ.એલ.એ) અને યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન, સાયંટિફિટ એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન (યુનેસ્કો)એ શાળા ગ્રંથાલય માટે ઘોષણા કરી છે કે "શાળા ગ્રંથાલય માહિતી અને વિચારો પૂરા પાડે છે જે આજની માહિતી અને જ્ઞાન-આધારિત સમાજમાં સફળતાપૂર્વક કામ કરવા માટે આવશ્યક છે. શાળા ગ્રંથાલય વિદ્યાર્થીઓને આજીવન શિક્ષણ કુશળતા સાથે સજ્જ કરે છે અને તેમની કલ્પનાને વિકસિત કરે છે, જે તેમને જવાબદાર નાગરિકો તરીકે જીવવા માટે સક્ષમ બનાવે છે." શાળા ગ્રંથાલયો એ જાહેર ગ્રંથાલયોથી અલગ છે કારણ કે શાળા ગ્રંથાલય એ એક "શૈક્ષણિક પ્રયોગશાળા" તરીકે સેવા આપે છે જે શાળાના અભ્યાસક્રમને ટેકો આપે છે. શાળા સાથે સંકળાયેલી દરેક શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પ્રવૃતિઓ માટે શાળા ગ્રંથાલય કેન્દ્ર બની રહે છે.

સંશોધકોએ દર્શાવ્યું છે કે ૧૯ યુ.એસ. રાજ્યો અને કેનેડિયન પ્રાંતમાં કરવામાં આવેલા ૬0 થી વધુ અભ્યાસો દર્શાવે છે કે શાળાના ગ્રંથાલયોએ વિદ્યાર્થીઓની સિદ્ધિ પર હકારાત્મક અસર કરી છે. આ અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે સુગ્રંથિત ગ્રંથાલય અને ગ્રંથાલય પ્રવૃતિઓના આધારે વિદ્યાર્થીઓ તેમના સામાજિક-આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વગર વાંચન મૂલ્યાંકન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ઉપરાંત, ઓહિઓ રાજ્યમાં હાથ ધરાયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સર્વેક્ષણમાં ૯૯.૪% વિદ્યાર્થીઓ માને છે કે તેમના શાળાના ગ્રંથાલયો અને શાળા ગ્રંથાલય મીડિયા કાર્યક્રમોએ તેમને શાળામાં સફળ થવા મદદ કરી છે.

સાક્ષરતા એ એક સતત પ્રક્રિયા છે જેની શરૂઆત બાળપણથી જ થવી જોઈએ એટલે કે જો બાળકને નાનપણથી જ જાહેર બાળગ્રંથાલયોથી પરિચિત કરાવવામાં આવે તો આવા પૂર્વ વાંચન અનુભવોથી બાળકોને ખૂબ ફાયદો થાય છે. જે બાળકોની આંખોને ધ્યાન કેન્દ્રિત કરવામાં, તેમને વસ્તુઓ ઓળખવામાં અને સંવેદનાત્મક જાગૃતતા વિકસાવવા, મૂળભૂત ખ્યાલોને મજબૂતી આપવા, અને નાના બાળકોના ભાવનાત્મક અને બૌદ્ધિક વિકાસ માટે તક પૂરી પાડે છે.

વિદ્યાર્થીઓ શાળા ગ્રંથાલયોનો મહત્તમ ઉપયોગ કરે તે માટે શાળા સંચાલકોએ નીચે મુજબની વ્યૂહરચના વિકસાવવી જોઈએ.

**૪. શાળા ગ્રંથાલયના હેતુઓ**

- વિદ્યાર્થીઓમાં સ્વ – અધ્યયનની ટેવોનું નિર્માણ કરવું
- વિદ્યાર્થીઓમાં વિશેષ વાંચનની ટેવો વિકસાવવી
- વર્ગખંડનું શિક્ષણ પૂર્ણ અને ચેતનવંતુ બનાવવું
- વિદ્યાર્થીઓમાં સામાજીકતાની કેળવણીનો વિકાસ કરવો
- વિદ્યાથીઓમાં શૈક્ષણિક સ્વતંત્રતા અને મૌલિકતાનો વિકાસ કરવો
- વિદ્યાર્થીઓમાં ચારિત્ર ઘડતરની કેળવણી આપવી
- જ્ઞાન વિજ્ઞાન ક્ષેત્રની અદ્યતન ટેક્નોલોજીની સમજ આપવી

**૫.આકર્ષિત શાળા ગ્રંથાલય**

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓમાં મૌલિક કુશળતા લાવવા માટે, તેમને પાયાકીય જ્ઞાન આપવા માટે એક અસરકારક રસ્તો શાળા ગ્રંથાલયનો ઉપયોગ કરવાનો છે. આ માટે શાળા ગ્રંથાલય અધ્યતન વાંચનસામગ્રીથી સુસજ્જતાની સાથે તેની આંતરિક રચના એવી હોવી જોઈએ કે જ્યાં વિદ્યાર્થીઓ વારંવાર મુલાકાત લેવા માટે આકર્ષાય.

**૧)સંગ્રહ વ્યવસ્થાપન**

- પુસ્તકો મૂકવા માટેના ઘોડા વિદ્યાર્થીઓ પહોંચી શકે તેટલી ઊંચાઈના હોવા જોઈએ.
- વિદ્યાર્થીઓની હાઇટ પ્રમાણે ગ્રંથાલયમાં વાંચવા માટેની ખુરશી- ટેબલની વ્યવસ્થા અલગ અલગ હોવી જોઈએ. વિદ્યાર્થીઓ ગ્રુપમાં બેસી શકે તેવી વ્યવસ્થા પણ હોવી જોઈએ.
- ગ્રંથાલયની દીવાલો પર વિદ્વાનો, રમતવીરો, સાહિત્યકારો, સ્વતંત્રસેનાનીઓ, રાજાઓ વગેરે મહાનુભાવોના ફોટા લગાવેલા હોવા જોઈએ.
- ગ્રંથાલયમાં સામયિકો, અને સમાચાર પત્ર માટેની પણ વ્યવસ્થા હોવી જોઈએ.

**૨)વર્ગીકરણ પદ્ધતિ**

- ગ્રંથાલયમાં વાંચનસામગ્રી વિદ્યાર્થીઓની કક્ષા અનુસાર જુદા જુદા ઘોડામાં ગોઠવાયેલુ હોવું જોઈએ.
- પુસ્તકો, સંદર્ભગ્રંથો, ડિઝિટલ સામગ્રી, સામયિકો વગેરે વિષય અનુસાર વર્ગીકૃત કરાયેલાં અને ઘોડામાં તેના નિશ્ચિત સ્થાને સૂચીબદ્ધ રીતે ગોઠવાયેલા હોવા જોઈએ.

**3) માહિતી પુનઃપ્રાપ્તિ**

- વિદ્યાર્થીઓ પુસ્તકો ઘરે લઈ જવા ઇચ્છતા હોય તો તેમને નક્કી કરેલ સમય મર્યાદા માટે પુસ્તક આપવાની છૂટ આપવી જોઈએ.
- સંદર્ભ પુસ્તકો જેમકે નક્શાઓ, શબ્દકોશ, બાળવિશ્વકોશ વગેરેની સમજણ વિદ્યાર્થીઓને આપવી જોઈએ અને તેનો ઉપયોગ ગ્રંથાલયમાં બેસીનેજ કરવાં માટે પ્રેરિત કરવાં જોઈએ.
- વિદ્યાર્થીઓને બોધ વાર્તાઓ, ટૂંકી પ્રેરણાયુક્ત વાર્તાઓ, કાર્ટૂન, નામાંકિત વ્યક્તિઓના જીવનચરિત્ર વગેરેને પ્રોજેક્ટર દ્વારા બતાવવા અલગ વ્યવસ્થા હોવી જોઈએ.
- ગ્રંથાલયમાં નવા આવતાં પુસ્તકોને થોડા સમય માટે અલગ ઘોડામાં મૂકવા જેથી વિદ્યાથીઓ ગ્રંથાલયમાં આવેલ નવી વાંચનસામગ્રીથી પરિચિત થાય.

**૬.શાળા ગ્રંથાલય માટે યોગ્ય સંગઠન**

ડો. રંગનાથને જણાવ્યું છે કે શાળાના ગ્રંથાલયો વિદ્યાર્થીઓ માટે પ્રયોગશાળાઓ તરીકે કામ કરે છે. માહિતી મેળવવી, માહિતીનું આદાન પ્રદાન કરવું, માહિતીનું વ્યવસ્થાપન કરવું ખૂબજ જરૂરી છે. આ માટે શાળા ગ્રંથાલયો પાસે પ્રશિક્ષિત સ્ટાફ, વાંચન સામગ્રી, તકનીકો અને સુવિધાઓ માટે પૂરતું અને ટકાઉ ભંડોળ હોવું આવશ્યક છે. સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સત્તાધિકારીઓની જવાબદારી તરીકે, તે ચોક્કસ ધોરણો દ્વારા સમર્થન હોવું આવશ્યક છે. ગ્રંથાલય ધોરણોનો ઉપયોગ ગ્રંથાલયોની સ્થિતિ તેમજ તેમના વિકાસને માપવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે થાય છે. તેઓ ગ્રંથાલય માટે ચોક્કસ પ્રવૃત્તિઓની રૂપરેખા પ્રદાન કરે છે અને ગ્રંથાલયની આદર્શ સ્થિતિને વ્યાખ્યાયિત કરે છે.

**૭.વિદ્યાર્થીઓને ગ્રંથાલય પ્રત્યે આકર્ષવા માટેના પ્રયત્નો**

- વિદ્યાર્થીઓના રસના વિષયને ઓળખવો અને તેના શોખ કે અભિરુચિને પ્રસ્થાપિત કરવામાં મદદરૂપ થવું.
- તેમને શાળા ગ્રંથાલયની ઉપયોગિતા વિષે તેમજ ગ્રંથાલયમાં પુસ્તકોની ગોઠવણી વિષે સમજ આપવી.
- વિદ્યાર્થીઓને તેમના પાઠ્યપુસ્તકો ઉપરાંત ગ્રંથાલયમાં સંગ્રહીત અન્ય વાંચન સામગ્રીથી પરિચિત કરાવવા જોઈએ. જેમકે વિવિધ નક્શાઓ (સ્થાનિક નક્શો, રાજ્યનો નક્શો, દેશનો નક્શો), વિશ્વકોષ, સામયિકો, શબ્દકોશ, જીવનચરિત્ર, નવલકથા, ટૂંકી વાર્તાઓ, પઝલ બુક, વિધાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રોજેકટ રિપોર્ટ વગેરે.
- અભ્યાસમાં આવતા વિષયો ઉપરાંત પણ અન્ય વિષયો જેમકે ધાર્મિક, વિવિધ ભાષાકીય સાહિત્ય, ગણિત – વિજ્ઞાન, રમત ગમત વગેરેને સબંધિત પુસ્તકો કે સાહિત્યથી માહિતગાર કરવાં જોઈએ.
- બધા શિક્ષકોએ પુસ્તકો વિશે બાળકોની જિજ્ઞાસાને ઉત્તેજન આપવા અને પ્રોત્સાહિત કરવાનું લક્ષ્ય રાખવું.
- વિદ્યાર્થીઓ તેમના રસના વિષય સબંધિત પુસ્તકો જાતે શોધી શકે અને પસંદ કરાયેલ પુસ્તકની પ્રારંભિક માહિતી વાંચી શકે તેટલો સમય ગ્રંથાલય માટે ફાળવે તેવું સમય પત્રક હોવું જોઈએ.
- વિદ્યાર્થીઓને આપવામાં આવતાં જુદા જુદા વિષયોના પ્રોજેકટ માટે ગ્રંથાલયમાં સંગ્રહિત પુસ્તકોનો ઉપયોગ કરે તે માટે પ્રોત્સાહિત કરવાં.

- માધ્યમિક તેમજ ઉચ્ચતરમાધ્યમિકના વિદ્યાર્થીઓ દરરોજ ગ્રંથાલયમાં આવીને સમાચાર પત્રો વાંચે તેવી ફરજ પાડવી.

વિદ્યાર્થીઓને ગ્રંથાલયમાં આકર્ષવા માટે આ તમામ પ્રયત્નો હિતકારક છે. તેમ છતાં વિદ્યાર્થીઓએ ગ્રંથાલયમાં જવાની ટેવને વિકસાવી પડશે. આ ટેવ બાળકોમાં વાંચન અને અન્ય પ્રવૃતિઓ કરવા તરફ દોરી જાય છે. જે બાળકોને આનંદ સાથે જ્ઞાન અને શિક્ષણ પૂરું પાડે છે. બાળકોમાં વાંચનની ટેવ એ ઉચ્ચ ગુણવત્તાવાળી અને સમૃદ્ધ ભાષાકીય વાંચન સામગ્રી આપીને "પુસ્તક તફાવત" ની ઉણપ ને દૂર કરવામાં સહાય કરે છે. બાળકોના સ્વયં વિકાસ માટે, અન્ય મિત્રો સાથે વાત કરવા, શિસ્ત જાળવવા, સાંસ્કૃતિક પર્યાવરણને જાણવા માટે ગ્રંથાલયની મુલાકાત લેવાની ટેવ હોવી આવશ્યક છે.

### ૮.શાળા ગ્રંથાલય અને વિદ્યાર્થી વિકાસ

શાળા ગ્રંથાલયનો નિયમિત ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓમાં થતાં વ્યક્તિગત વિકાસને જોઈએ તો ...

- જુદા જુદા માહિતી સ્ત્રોતોથી પરિચિત થાય છે અને તેમના રસના વિષયને ઓળખી શકે છે.
- પોતાનું ધ્યાન અભ્યાસમાં કેન્દ્રિત કરવાની શક્યતા વધે છે.
- તેમની ઉંમર પ્રમાણે યોગ્ય માહિતીનું મૂલ્યાંકન કરી શકે છે.
- સહયોગી કાર્યકારી પદ્ધતિઓના વિવિધ સ્વરૂપો શીખે છે.
- વિદ્યાર્થીઓમાં ઑનલાઇન સુરક્ષા સહિત ઑનલાઇન સ્રોતોનો ઉપયોગ કરી ઇન્ટરનેટના જ્ઞાનનો ઉપયોગ કરવાની ક્ષમતા વિકસે છે.

### ૯.ઉપસંહાર

એકવાર બાળક શાળા શરૂ કરે તે પછી જુદા જુદા વિષયનાં પ્રોજેક્ટ્સ, કમ્પ્યુટર્સ, સંગીત, રમત ગમત અને અન્ય પ્રવૃતિઓ દ્વારા શિક્ષણને સમર્થન આપવાનું ચાલુ રાખે છે. વિદ્યાર્થીઓની સાક્ષરતાના આ કાર્યમાં ગ્રંથાલય પ્રવૃતિઓ પ્રોત્સાહન આપે છે. આ માટે ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓની વયજૂથને ધ્યાનમાં રાખી વાંચન કુશળતા, લેખન કુશળતા, વકૃત્વ સ્પર્ધા, પ્રશ્નોત્તરી, ચિત્ર સ્પર્ધા વગેરે જેવી બાળકોને રસના વિષયને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવું જોઈએ અને વિદ્યાર્થીઓ જાતેજ તેમના રસની પ્રવૃતિઓમાં ભાગ લે તેવા અથાગ પ્રયત્નો કરવા જોઈએ.

## સંદર્ભો


I. પ્રજાપતિ, મણિભાઈ (૧૯૯૮). ઉચ્ચ શિક્ષણમાં ગ્રંહાલયની ભૂમિકા. પાટણ: શ્રી પી. ટી. પટેલ ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ સમિતિ.

II. પ્રજાપતિ, મણિભાઈ (૨૦૧૦). સંદર્ભગ્રંથો અને ગ્રંથસંસ્કૃતિ: શ્રી પ્રહલાદભાઈ ત્રિભોવનદાસ પટેલ અમૃતપર્વ અભિનંદન ગ્રંથ. નવી દિલ્હી: સ્ટાન્ડર્ડ પબ્લિશર.

III. પ્રજાપતિ, મણિભાઈ (૨૦૧૨). ગ્રંથાલયશાસ્ત્રે શિવદર્શનમ: ડો. શિવદાસભાઈ એમ. ચારણ અભિવાદન ગ્રંથ. આણંદ: ડો. શિવદાસભાઈ એમ. ચારણ અભિનંદન સમિતિ.
IV. Morris, B. (2013). Administering the school library media center. Westport, CT: Libraries Unlimited.
V. http://www.asla.org.au/policy/IFLA-UNESCO-school-library-manifesto.aspx
VI. https://en.wikipedia.org/wiki/School_library

*************************************************************************************

**ડૉ. ઊર્જિતા પટેલ**
ગ્રંથપાલ
કડી સર્વ વિશ્વવિદ્યાલય
ગાંધીનગર

Copyright © 2012 – 2019 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat